લોકાચાર જતા આદિવાસી પરિવારને નડ્યો અકસ્માત

અમીરગઢના ઉપલાઘોડા પાસે જીપ પલટી ખાતા ૧નું મોત : ૧૦ ઘાયલ : જિલ્લા ટ્રાફિક પોલીસની માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી પ્રતિકાત્મક બની રહી હોવાની રાવ

પાલનપુર, તા.૨૩

બનાસકાંઠાના અમીરગઢ તાલુકા ના ઉપલાઘોડા નજીક એક પેસેજર જીપ પલ્ટી ખાઈ જતા લોકાચાર જતા આદિવાસી પરિવારને અકસ્માત નડ્યો હતો. જેમાં ૧ મહિલાનું મોત થયું હતું. જ્યારે ૧૦થી વધુ ઘાયલ થયા હતા.

જિલ્લા ટ્રાફિક પોલીસની નિરકુંશ નીતિના પાપે ગઈકાલે ડીસા ભીલડી રોડ પર અકસ્માતમા પના મોતની શાહી સુકાઈ નથી. ત્યાં આજે અમીરગઢના ઉપલાઘોડા નજીક એક પેસેન્જર જીપ પલ્ટી ખાઈ જતા જીપમા સવાર મહિલા મોતને ભેટી હતી. જ્યારે જીપમાં સવાર ૧૦થી વધુ ઘાયલ થયા હતા. વિરમપુર અને ખારાઘોડાના આદિવાસી સમાજના લોકો આજે વિરમપુરથી ઉપલાઘોડા ગામે એક લોકાચારના પ્રસંગે સટલ જીપ દ્વારા જઈ રહ્યા હતા ત્યારે ઉપલાઘોડા નજીક જીપ ડ્રાયવરે સ્ટેરિંગ પરનો કાબુ ગુમાવ્યો હતો અને જીપ પલ્ટી ખાઈ ગઈ હતી જેને પરિણામે જીપમા સવાર ૧ મહિલાનુંમોત થયુંહતુંજ્યારે ૧૦થી વધુને ઈજાઓ થતા વિરમપુર અને પાલનપુર સિવિલમા સારવાર અર્થે ખસેડાયા હતા. જિલ્લા ટ્રાફિક પોલિસની માર્ગ સલામતી સપ્તાહની પ્રતીકાત્મક ઉજવણી વચ્ચે બનાસકાંઠામાં યમરાજે ધામા નાખ્યા હોય એમ ગત રોજ ડીસા ભીલડી રોડ પર કાર અને ટ્રક ના અકસ્માતમાં એક જ પરિવારના ૫ મોતને ભેટ્યા હતા. જ્યારે આજે ઉપલાઘોડા ગામે ૧ નુંમોત અને ૧૦ ઘાયલના બનાવને પગલે માર્ગ અકસ્માત રોકવા પોલીસે સટલિયા જીપ ચાલકો પર તવાઈ જરૂરી બને છે.

અરવલ્લી-સાબરકાંઠામાં ટામેટાના ભાવ ગગડતા ખેડૂતોને ભારે નુકશાન

અરવલ્લી, તા. ૨૩

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં ચાલુ સાલે ભૂમિપુત્રોએ ૭૦૦ હેક્ટર જેટલા વિસ્તારમાં ખેડૂતોએ વાવેતર કરતા અને ટામેટાની ખેતીને અનુરૂપ વાતાવરણ રહેતા ટામેટાનુ મબલખ ઉત્પાદન થવા પામ્યુ છે. બીજી બાજુ ટામેટાના ભાવ હોસેલ બજારમાં કિલોના માત્ર રૂપિયા દોઢ મળતા સ્વાસ્થ્ય ઉપયોગી ટામેટા ખેડૂતો માટે નુકશાનકારક પાક બની ગયો છે. ખેડૂતોને ઉત્પાદન ખર્ચ જેટલુ પણ વળતર ન દેખાતા ન છૂટકે બન્ને જિલ્લાના ખેડૂતો પશુઓને ટામેટા ખવડાવવા મજબૂર બન્યા છે. માંગ અને પુરવઠા નિતિ ધરતીપુત્રો માટે દરેક પાકમાં દૂર્ભાગ્ય બનીને જ આવતી હોવાથી ખેડૂતોની હાલત કફોડી બની ગઈ છે.

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં ભૂમિપુત્રો પરંપરાગત ધાન્ય અને કઠોળ તેમજ તેલીબીયાની ખેતી છોડી આધુનિક ખેતી તરફ વળી રહ્યા છે. બન્ને જિલ્લામાં મોટાપાયે ટામેટાનુ વાવેતર કરતા ટામેટાનુ વિપુલ પ્રમાણમાં જંગી ઉત્પાદન થયુ છે. ખેડૂતોના ટામેટા બન્ને જીલ્લા સહિત અમદાવાદ, મુંબઈ સુધી પહોંચતા હોવાથી ખેડૂતોનું ઉત્પાદન કરાતા ટામેટાના યોગ્ય ભાવ મળી રહેતા હોવાથી ટામેટાની ખેતી ખેડૂતો માટે હંમેશા ઉપયોગી બની રહી છે. ટામેટાની કાયમ માંગ હોય છે પરંતુ આ વર્ષે વધુ ઉત્પાદનના કારણે બજારોમાં ટામેટાના ભાવ તળીયે બેસી જતા ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે.

ખેડૂતોએ મોટી માત્રામાં મોંઘાભાવના બિયારણ અને ખાતર તેમજ રોગ આવતા દવાઓનો ખર્ચ કરી ટામેટાનો પાક બચાવી જંગી માત્રામાં ટામેટાનું ઉત્પાદન મેળવતા તેમનો મહામૂલો પાક બજારમાં વેચવા ગયા તો ખેડૂતો બોખલાઈ ગયા હતા. હોલસેલ વેપારીઓએ ટામેટાનો ભાવ મણના રૂ. ૨૫ થી ૩૦ સુધી આપતા ખેડૂતોમાં ભારે નિરાશા વ્યાપી ગઈ હતી અને ખેડૂતોને બજારો સુધી પહોંચવાનો ખર્ચ પણ ન મળતા ખેડૂતો ટામેટા પશુઓને ખવડાવી રહ્યા છે.

ઊંઝા વિસ્તારમાં જીરા-વરીયાળીની બોરીઓની ઉઠાંતરીની ફરિયાદ

ઊંઝા, તા. ૨૩

ઊંઝા વિસ્તારમાં કેટલાક વખતથી ગોડાઉનમાંથી જીરા, વરીયાળીની બોરીઓની ઉઠાંતરીના કિસ્સાઓ વધી જતાં વેપારી વર્ગમાં ચિંતાની લાગણી ફેલાઈ છે.

ઊંઝા ખાતે માર્કેટયાર્ડ બેંકની પાછળના ભાગે આવેલ સ્કૂલની બાજુમાં ગોડાઉનમાંથી રાત્રીના સમયે કોઈ તસ્કરો રૂપિયા ૪.૯૫ લાખની કિંમતની મત્તાની જીરાની ૬૬ બોરીઓની ઉઠાંતરી કરી ગયા હોવાનો બનાવ બનેલ છે.

વિગત એવી છે કે ઊંઝા ગંજબજારમાં વેપારી પેઢી ધરાવતા વસંતકુમાર પરસોત્તમભાઈ પટેલે પેઢી દ્વારા ખરીદાયેલ જીરૂ, વરિયાળીનો માલ તેમજ ખેડૂતોનો માલ ઊંઝા કુંબેરનગરમાં આવેલ ગોડાઉનમાં મુકેલ હતો. આ માલ ઊંઝા નાગરિક બેંકના તારણમાં પડેલ હતો. દરમિયાન રાત્રીના સમયે કોઈ તસ્કરોએ આ ગોડાઉનનો આગળનો દરવાજો તોડી અંદર પ્રવેશ કરી ગોડાઉનમાં પડેલ માલ પૈકી જીરાની બોરી નંગ. ૬૬ વજન ૩૯૭૦ કિલોગ્રામ જેની કિંમત રૂપીયા ૪,૯૫ હજારની થવા જાય છે તેની ચોરી કરી હતી. આ બનાવની વેપારીને જાણ થતા તેમજ ઊંઝા પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ પર બે કાર સામ-સામે અથડાતાં એકનું મોત

ચારને ઈજાઓ થતાં પહેલાં પ્રાંતિજ અને વધુ સારવાર અર્થે હિંમતનગર ખસેડવામાં આવ્યા

પ્રાંતિજ તા.૨૩

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર બે કાર સામસામે ધડાકા સાથે અથડાતાં બન્ને કારનો કુચડો થઈ ગયો હતો અને એકનું મોત થયું હતું જયારે ચારને ગંભીર ઈજાઓ પહોંચતા ૧૦૮ મારફતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં.

પ્રાંતિજ માર્કેટયાર્ડ પાસે ચિલોડા તરફથી આવતી વેગેનાર કાર નં-GJ18BE8890 અને પ્રાંતિજ ના પલ્લાચરથી જતી મારૂતિવાન નંબર- GJ O9 BB5580 બન્ને સામ સામે ધડાકા સાથે અથડાતાં મારૂતીવાન અને વેગેનાર કારનો કુચડો થઈ ગયો હતો અને મારૂતિવાનના ચાલક સોની ગોવિદભાઈ નટવરલાલ ઉ.વર્ષ- ૬૫ રહે. પલ્લાચરનું ઘટના સ્થળે કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું જયારે બાજુમાં બેઠેલ સોની સંદિપ કરીટભાઈ ઉ.વર્ષ- ૨૫ રહે. પલ્લાચર તેવોને પણ શરીરે વતા ઓછી ઈજાઓ પહોચી હતી. જયારે વેગેનાર કારમાં સવાર અંકિતાબેન વીરમભાઈ દેસાઈ ઉ.વર્ષ- ૩૫, અંકિતા અલ્પેશ ભાઈ દેસાઈ ઉ.વર્ષ- ૨૧ અને અલ્પેશ ભાઈ વીરમભાઈ દેસાઈ ઉ.વર્ષ- ૨૬ ત્રણે રહે. છાલા ને ઈજાઓ પહોચી હતી. જયારે ૧૦૮ને સમાચાર મળતાં ૧૦૮ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી અને ઈજાગ્રસ્તોને પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યાં હતાં અને ત્યાંથી વધુ સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યા હતાં. જયારે અકસ્માતને લઈને ટ્રાફિક જામ થતાં પ્રાંતિજ પોલિસને જાણ થતાં ઘટના સ્થળે દોડી આવી હતી અને રોડ ઉપર રહેલ બન્ને કાર સાઈડમાં કરાવી હતી અને ટ્રાફિક ખુલ્લો કર્યો હતો.

થરા-શિહોરી હાઈવે પર ડુંગરાસણ પાટીયા પાસે ટ્રક ચોકડીમાં ખાબકી

ડ્રાઈવરે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા નડ્યો અકસ્માત, બ્રેક મારતાં ગાડી નાળામાં ઘુસી ગઈ, ડ્રાઈવરનો આબાદ બચાવ

શિહોરી, તા. ૨૩

પ્રાપ્ત વિગતો અનુસાર થરા, શિરોહી હાઈવે રોડ પર અવારનવાર અકસ્માતોનો સિલસિલો યથાવત રહેવા પામ્યો છે. ત્યારે ડુંગરાસણ પાટીયા પાસે વહેલી સવારે ગાંધીધામથી દિલ્હી તરફ જઈ રહેલ ટર્બો ટ્રક નં. એચઆર. ૬૩. એ. ૯૫૫૫નો ચાલક સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવી દેતા બ્રેક મારી પરંતુ ટ્રકમાં વધારે વજન હોવાથી ગાડી ફંગોળાઈને રોડની સાઈડના એક નાળામાં ઘુસી જવા પામી હતી. જોકે ડ્રાઈવરે સમય સૂચકતાથી નીચે ઉતરી ગયો હતો અને મોટી હોનારત ટળી હતી. આમ ૧૮ પૈડાની ટ્રક એકાએક સવારે રોડની સાઈડના નાળામાં ઉતરી જતાં લોકોના ટોળેટોળા જોવા ઉમટી પડ્યા હતા. અને બીજી અન્ય ગાડીઓના ચાલકોએ ગાડીઓ ઉભી રાખી ફસાયેલ ટ્રકને કાઢવા જેસીબી મશીનની મદદ લીધી હતી. જો કે આ બાબતે શિહોરી પોલીસમથકમાં કોઈ ગુનો નોંધાવા પામ્યો ન હતો.

મોડાસાના વિદ્યાર્થીઓ યુનિવર્સિટીમાં ઝળક્યા

મોડાસા, તા. ૨૩

ધી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ સંચાલિત અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની માન્યતા ધરાવતી મોડાસાની શ્રીમતી વિલાસબેન વ્રજમોહનભાઈ શાહ એમ.એસ.સી. (સી.એ. અને આઈ.ટી.) કોલેજની વિદ્યાર્થીની પટેલ હિમાની રાજેશભાઈએ યુનિવર્સિટી દ્વારા લેવાયેલ ઓક્ટો-ડીસે : ૨૦૧૬ની સેમીસ્ટર-૫ના પરિણામમાં યુનિવર્સિટી કક્ષાએ તૃતિય તેમજ રાવલ રિદ્ધિ અતુલકુમારે ચતુર્થ ક્રમ મેળવી કોલેજનું ગૌરવ વધારેલ છે. આવી સુંદર સિદ્ધિ હાંસલ કરવા બદલ કોલેજ કેલવણી મંડળના પ્રમુખ નવિનચંદ્ર આર. મોદી, કોલેજના પ્રભારીમંત્રી અરવિંદભાઈ જે. મોદી તથા કોલેજના આચાર્ય પરિમલ એમ. શાહ અને સમગ્ર સ્ટાફ મિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા.

કાંકરેજ તાલુકાના રણાવાડામાં બિનહરિફ ડેપ્યુટી સરપંચ તરીકે નવ યુવાન ચુંટાયા

કાંકરેજ, તા. ૨૩

કાંકરેજના રણાવાડા(જા) ખાતે બપોરે ૨ વાગે ગ્રામપંચાયત હોલમાં ચૂંટણી અધિકારી બી.આર. પરમારની અધ્યક્ષસ્થાને ડેપ્યુટી સરપંચની ચૂંટણીની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં સરપંચ રાવલ જયાબેન અંબારામભાઈ તથા ત.ક.મંત્રી તૃપ્તીબેન અને પંચાયતના ૮ સભ્યો હાજર રહ્યા હતા. જેમાં દવે ભરતભાઈ પરસોત્તમભાઈનું ડેપ્યુટી સરપંચ તરીકેનું ઉમેદવારી પત્ર રજુ કરાયુ હતુ. જે તમામ સભ્યોએ સમર્થન આપી ભરતભાઈ દવેને બિનહરિફ ડે. સરપંચ તરીકે જાહેર કર્યા હતા અને રણાવાડા (જા)માં આનંદની હેલી ઉભરાઈ હતી. જો કે કાંકરેજનું રણાવાડા જાગીર ગામ ન્યાયપ્રિય અને એકતાનું પ્રતિક ગણવામાં આવે છે. જેમાં મહિલા સરપંચ જયાબેન રાવલ ચૂંટણી જીતીને પ્રથમ મહિલા સરપંચ થતા ગામમાં વિકાસના કાર્યોને વેગ મળશે તેવી ખાતરી આપી હતી. સમગ્ર ગ્રામજનોએ બિન હરિફ ડેપ્યુટી સરપંચની વરણીને આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

માથાસુલિયા પ્રા. શાળામાં સુભાષચંદ્ર બોઝની જન્મ જયંતિની ઉજવણી

માથાસુલિયા, તા. ૨૩

તા. ૨૩ જાન્યુઆરીના રોજ માથાસુલિયા પ્રા. શાળા તા. મોડાસામાં સુભાષચંદ્ર બોઝની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી. ભારતને ગુલામીની જંજીરોમાંથી મુક્ત કરાવવા માટે 'આઝાદ હિંદ ફોજ'ની રચના કરનાર તથા 'તુમ મુજે ખૂન દો મૈ તુમ્હે આઝાદી દૂંગા'નું સૂત્ર આપી એક ક્રાંતિકારી વિચારધારાથી ભારતની આઝાદીમાં સિંહફાળો આપનાર સુભાષચંદ્ર બોઝના ઐતિહાસિક જીવન વિશે બાળકોને વિષયાભિમુખ કરાયા હતા. અને આઝાદી મેળવવા તેમણે આપેલ યોગદાન વિશે શાળાના બાળકોને સમજ આપવામાં આવી હતી. સા.વિ.ના શિક્ષક રણજીતકુમાર વણકરના આયોજન હેઠળ કાર્યક્રમનું સંચાલન ડૉ. શિવશંકર જોષીએ કર્યુ હતુ. શાળાના મુ.શિ. તથા જયેશકુમાર પટેલ દ્વારા પણ કાર્યક્રમને સફળ બનાવવા પૂરો સહકાર મળ્યો હતો. શાળાના બાળકો ભારતીય આઝાદીના ઈતિહાસથી પરિચિત થાય અને રાષ્ટ્રભાવનાનો વિકાસ થાય એ જ ઉદેશો સાથે આવા ક્રાંતિકારીઓને શત્ શત્ નમન.

અરવલ્લી જિલ્લાની આઈટીઆઈના વિદ્યાર્થીઓનો રમતોત્સવ યોજાયો

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરની માલપુર રોડ પર આવેલી સરકારી આઈટીઆઈમાં સમગ્ર જિલ્લાના આઈટીઆઈમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ભાઈ-બહેનો માટે વિવિધ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લાની આઈટીઆઈના ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ ૫ દિવસ ચાલનારા રમોત્સવમાં ભાગ લઈ તેમના કૌવત દેખાડશે. પાંચમા દિવસે તમામ રમતોમાં વિજેતા બનેલા ખેલાડીઓને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવશે.

આજે સાબરકાંઠા ભાજપની જિલ્લા કારોબારી મળશે

હિંમતનગર, તા. ૨૩

ભારતીય જનતા પાર્ટી સાબરકાંઠા જિલ્લાની આજ રોજ તા.૨૪-૧-૨૦૧૭ના રોજ જિલ્લા કારોબારી પાર્ટીના જિલ્લા પ્રમુખ જે.ડી.પટેલના અધ્યક્ષ સ્થાને વિજયનગર પોળો ખાતે મળશે આગામી વિધાનસભાની ચુંટણીનો મુખ્યલક્ષ રાખી અપેક્ષીત કાર્યકર્તાઓને પ્રદેશ તેમજ જિલ્લાના અગ્રણીઓ માર્ગદર્શન આપશે. તેમજ વિવિધ ઠરાવ કરી રાજય અને કેન્દ્ર સરકારની પ્રજાલક્ષી કામગીરી વિકાસલક્ષી કામગીરીની વગેરેને અભીનંદન પાઠવવામાં આવશે તેમજ પક્ષ દ્વારા કાર્યકર્તાઓને કરવાના કામોનું પણ માર્ગદર્શન આપવામાં આવશે. જિલ્લા પ્રમુખ જે.ડી.પટેલે વધુમાં જણાવેલ કે, ભાજપ એક એવો પક્ષ છે જે રાષ્ટ્રવાદી વિચારસરણી સાથે છેવાડાના માણસોને પક્ષ સાથે સરકાર શું મદદ કરી શકે તેનું સતત મનોમંથન સાથે અમલીકરણ કરે છે. જેનો આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ અને ગુજરાતમાં વિજયભાઈ સતત નવી નવી યોજનાઓ તત્વરીત અમલમાં મુકી કાર્ય કરી રહ્યા છે તે આપણા સૌના માટે ગૌરવની બાબત છે. જિલ્લા કારોબારીમાં પ્રદેશ ભાજપ મહામંત્રી, પ્રદેશ ઉપાધ્યક્ષ રમીલાબેન બારા, જયસિંહ ચૌહાણ, પ્રભારીમંત્રી વલ્લભભાઈ કાકડીયા, સંગઠન પ્રભારી અશોકભાઈ ભાવસાર સહીત સમગ્ર જિલ્લામાંથી ચુંટાયેલા પદાધીકારીઓ, અપેક્ષીત હોદ્દેદારો વિવિધ મોરચા, સેલના કન્વીનરો હાજર રહેશે.

જિલ્લા મહામંત્રી તખતસિંહ હડીયોલ તથા અશોકભાઈ જોષીએ જણાવેલ કે, ભાજપ એ પરીવારની ભાવનાથી પક્ષના નાનામાં નાના કાર્યકર્તા જોડે જોડાયેલો પક્ષ છે. સંગઠન પક્ષની તાકાત છે કેન્દ્ર અને રાજય સરકારની કામગીરી અમારું ભાથુ છે જયારે કોંગ્રેસ પક્ષને સૌ જાણે છે કોંગ્રેસ પક્ષ પાસે કોઈ મુદ્દા રહ્યા નથી તેવી પ્રજાને ભરમાવે છે.

તલોદ આર્ટસ-કોમર્સ કોલેજ વેઈટ લીફટીંગમાં ચેમ્પીયન

તલોદ, તા. ૨૩

તાજેતરમાં તા. ૨૧-૧-૨૦૧૭ના રોજ ગોઝારીયા આર્ટસ કોલેજ ખાતે ઉ.ગુજ. યુનિ. પાટણ દ્વારા ભાઈઓની વેઈટ લીફટીંગ, પાવર લીફટીંગ તથા બેસ્ટ ફીઝીકની સ્પર્ધાનું આયોજન થયેલ જેમાં વેઈટલીફટીંગમાં શેઠ એચ.પી. આર્ટસ એન્ડ ટી.એસ.એમ. કોમર્સ કોલેજ તલોદ સતત ચોથીવાર યુનિ. ચેમ્પીયન થયેલ છે. આચાર્ય ડૉ. જે.સી. પટેલે વિજેતા ટીમના ખેલાડીઓ તથા પ્રોફે. રંગુસિંહ બી. સોલંકીએ અભિનંદન પાઠવ્યા હતા.

સસ્તા અનાજની દુકાનમાંથી અનાજનો જથ્થો નહિ મળતાં કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ

મોડાસા, તા. ૨૩

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના વાંટડા-દાવલી ગામમાં અન્નપૂર્ણા યોજના અંતર્ગત કાર્ડધારકોને સસ્તા અનાજની દુકાનમાંથી મળવાપાત્ર જથ્થો આજદિન સુધી નહિ મળતા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ હતુ.

સરકારની અન્નપૂર્ણા યોજના હેઠળ પંડિત દિનદયાળ સસ્તા અનાજની દુકાનોમાંથી કાર્ડધારકોને અનાજનો જથ્થો સસ્તા ભાવે આપવામાં આવેછે. જેમાં મોડાસા તાલુકાના વાંટડા દાવલી(છાત્રેશ્વરી) ગામમાં આ યોજનાના કાર્ડધરાવનાર લોકોને યોજના શરૂ થયા પછી બાર-બાર માસ વિતવા આવ્યા છતાં આજદિન સુધી અનાજનો જથ્થો મળ્યો નથી.

સસ્તા અનાજની દુકાનમાંથી કાર્ડધારકોને મળવાપાત્ર જથ્થો આજદિન સુધી ન મળ્યો હોઈ આજે આ કાર્ડધારકોએ સસ્તા અનાજની દુકાન ચલાવનાર જી.કે. વણકરને પણ રૂબરૂમાં આ અંગે વારંવાર રજૂઆતો કરી હતી જેનું કોઈ જ પરિણામ ન આવતા વાંટડા દાવલી ગામના અન્નપૂર્ણા યોજનાના કાર્ડધારકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી અરવલ્લી જિલ્લા કલેક્ટર શાલીની અગ્રવાલને આવેદનપત્ર આપ્યુ હતુ.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT

KisaN

ashirvad

BENELAVE

DR. FIXIT

TATA STEEL • PIPES • SHEETS

VINAYAK500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ